જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૬૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૯	૦	૧૧૭૩૯	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦3	૦	૪૦3
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૨૭૦૮	૧૩૫	૮૨૮૪3	૮3૭૧૦	૧3૮	૮3૮૪૮
કુલ		૯૯3૦૯	૧3૫	૯૯૪૪૪	૧૦૮૨૪3	૧3૮	૧૦૮3૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૮	૪,૪૧,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩૮	૬,૩૮,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૪૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૩ બિયર ટીન ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૬૬/૨૦૨૨**

નવરંગપુરાઃ સુરેશભાઈ જીવણભાઈ પટેલ (ઉ.વ.૫૨) (રહે. કુલવાડી સોસાયટી મહાદેવનગર વસ્ત્રાલ) એ તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશભાઈ પટેલના પુત્રને વધુ અભ્યાસ માટે વિદેશ મોકલવાનો હોઈ નવરંગપુરા આશ્રમ રોડ મીઠાખળી અંડરબ્રીજ પાસે સરીતા દર્શન એપાર્ટમેન્ટ ઓમ એજ્યુકેશન નામની ઓફીસ ખાતે દીપકભાઈ રૂપાણી નાઓને મળતા તેઓએ કેનેડા ખાતે વધુ અભ્યાસ માટે કોલેજમાં એડમીશન કરાવી આપવાની તેમજ કેનેડા મોકલવાની જવાબદારી લઈ, કેનેડા મોકલવા માટે ખર્ચ પેટે સુરેશભાઈ પટેલ પાસેથી માહે ફેબુઆરી/૨૦૧૭ થી તા.૦૮/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૧૭,૩૨,૨૭૫/- મેળવી લીધા હતા. પરંતુ બહાના બતાવી એડમીશન નહી કરાવતા રૂપિયા પરત માંગતા, આપેલ રૂપિયા પૈકી બાકી નિકળતા રૂપિયા ૧૦,૭૦,૧૯૮/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૬૭/૨૦૨૨**

કાગડાપીઠઃ કમલેશભાઇ મુળજીભાઇ મકવાણા (રહે. ગુલાબ માસ્તરની ચાલી નવજીવન સોસાયટી સામે બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૨ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.સોલંકી ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૨૬૮/૨૦૨૨**

કૃષ્ણનગરઃ હર્ષદકુમાર વાડીલાલ શાહ (ઉ.વ.૬૯) (રહે. વિશ્વાસ ફ્લેટ નયનનગર જૈન દેરાસર પાછળ કૃષ્ણનગર) તા.૦૬/૦૨/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે એકટીવા ચલાવી ઉદગમ સ્કુલ નજીકથી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ હર્ષદકુમાર શાહના પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હર્ષદકુમાર શાહે તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૨૬૯/૨૦૨૨**

વટવા જીઆઇડીસીઃ રાજુભાઇ હરીસીંગ ગુજ્જર (રહે. નવા પ્લોટ વિનોબાભાવેનગર જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાંઇનાથ ચાર માળીયા થી રોપડા બ્રીજ વચ્ચે ઝાડ ઉપર દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

નારોલઃ રાજુસિહ કેશવસિહ તોમર (ઉ.વ.૪૮) (રહે.શક્તિનગર રંગોલીનગર નારોલ કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૨ કલાક ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડના કડા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.